દાખલ તારીખ :– ૦૧/૦૪/૨૦૨૧

રજી. લીધા તારીખ :– ૦૧/૦૪/૨૦૨૧

નિકાલ તારીખ :– ૦૬/૦૪/૨૦૨૧

સમયગાળો :–વર્ષ માસ દિવસ

**અમદાવાદના મહે. ૧૧ માં એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. અમદાવાદ(ગ્રામ્ય) – અમદાવાદ**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૧૬૧/૨૦૨૧**

**આંક :– ૦૭**

અરજદાર : ગુપ્તા નયન કલ્પેશકુમાર

ઉ.વર્ષે : આ .૨૫, ધંધો : છુટક મજુરી, ધર્મે : હિન્દુ,

રહેવાસી : ૨૦૮/૨૪૯૫, મહાત્મા ગાંધી વસાહત,

પાણીની ટાંકી પામે,

ગોતા, અમદાવાદ.

**વિરૂધ્ધ**

સામાવાળા : શ્રી સરકાર

અરજદાર/આરોપી તરફે : વિ.વકીલશ્રી કે.કે.બારોટ

સામાવાળા તરફે : મુખ્ય જિલ્લા સરકારી વકીલશ્રી પી.એમ.ત્રિવેદી

બાબત :– ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૮ મુજબ આગોતરા જામીન અરજી.

**–: ચુકાદો :–**

(૧) અરજદાર/આરોપી ધ્વારા હાલની જામીન અરજી આગોતરા જામીન મેળવવા માટે સી.આર.પી.સી. કલમ–૪૩૮ નીચે જામીન મુકત કરવા કરેલી છે.

(૨) અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મહત્વની અને ટુંકમાં જે હકીકત રહેલી છે તે એવી છે કે, તેમના વિરૂધ્ધ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૧૯૧૦૪૫૨૧૦૨૮૯/૨૦૨૧ થી પ્રોહી. ની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુન્હો નોંધાયો હોવાની હકીકત દર્શાવી છે અને અરજદાર/આરોપી વિરૂધ્ધ આ પ્રકારનો ગુન્હો નોંધાયો હોવાથી અરજદાર/આરોપીની તેમની ધરપકડ કરવામાં આવશે તેવુ જણાતા અરજદાર/આરોપી ધ્વારા હાલની આગોતરા જામીન અરજી રજુ થયેલી છે અને તેમાં અરજદારની ખોટી રીતે સંડોવણી કરી દીધેલાની હકીકત તેમજ અરજદાર તદન નિર્દોષ છે અને કોઈ ગુન્હો ન કર્યો હોવાની હકીકત જણાવે છે તથા અરજદાર/આરોપીએ ગુન્હામાં પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ ભાગ ભજવેલ નથી. તેવા સંજોગોમાં અરજદારને આગોતરા જામીન મુકત કરવામાં આવે તેવી રજુઆત છે.

(૩) અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મહત્વની અને ટુંકમાં જે હકીકત રહેલી છે તે એવી છે કે, તા.૨૬/૩/૨૦૨૧ ના રોજ ફરીયાદી તથા પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા અને ખાનગી બાતમી આધારે કલાક ૨૩:૩૦ વાગ્યાના સુમારે દેવનગર પાટીયા એસ.જી. હાલવે ખાતે ઓટો રીક્ષા નં.જીજે ૦૧ ટીએફ ૫૨૮૩ ની પકડેલી જેનો ચાલક શિવ ભારતીભાઈ રાજપુત તથા પાછળ બેઠેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વિકાસ કલ્પેશભાઈ ગુપ્તા હતા જે ઓટો રીક્ષાની પંચો રૂબરૂ તપાસ કરતા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ–૨, કિંમત રૂા.૬૦૦/– તથા મોબાઈલ ફોન મળી આવેલ જેથી પુછપરછ કરતા બીજો ઈંગ્લીશ દારૂનો જથ્થો નહી પકડાયેલ આરોપી નયન કલ્પેશભાઈ ગુપ્તાનો હોવાનું જણાવેલ જેથી પોલીસે ત્યાં જઈ તપાસ કરતા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ–૧૦, કિંમત રૂા.૪,૦૦૦/– ની શીલ બંધ મળી આવેલ જે નહી પકડાયેલ લલીત જયંતીભાઈ પરમાર તથા નયન કલ્પેશભાઈ ગુપ્તા નાઓએ આપેલ હોવાની હકીકત પકડાયેલ આરોપીએ જણાવેલ.

(૪) સદર જામીન અરજી સંદર્ભે અરજદાર/આરોપીના વિધ્વાન એડવોકેટશ્રીની રજુઆત ટુંકમાં એવી છે કે, ફરીયાદપક્ષના કેસ પ્રમાણે મુદામાલ સાથે બે આરોપીઓ પકડાયેલા છે, પોલીસે રેઈડ કરી ત્યારે જે રીક્ષામાં મુદામાલ હતો તે ગુન્હાવાળી જગ્યાએ પોલીસ પહોંચતા ત્યાથી બે આરોપીઓ પકડાયેલા, તે બંને આરોપીઓ પૈકી હાલના અરજદાર તેમાં આવતા નથી. આ રીતે હાલના અરજદારની હાજરીમાં કોઈ મુદામાલ રીકવર કરવામાં આવેલો નથી કે કોઈ મુદામાલ ડીસ્કવર કરવામાં આવેલો નથી. આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની પુછપરછ કરતા હાલના અરજદારનું નામ આપેલ છે. વાસ્તવમાં હાલના અરજદારે કોઈ કહેવાતો દારૂનો જથ્થો આપેલો નથી. જો પોલીસનું ફરીયાદ મુજબનું કથન માનવામાં આવે તો પણ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરનું પોલીસ રૂબરૂનું નીવેદન ધ્યાને લઈ શકાય નહી. આમ, આરોપી સામે કોઈ પ્રથમદર્શનીય ગુન્હો બનતો ન હોઈ આરોપીને આગોતરા જામીન પર મુકત કરવા જોઈએ.

(૫) વિધ્વાન મુખ્ય જિલ્લા સરકારી વકીલશ્રીની રજુઆત ટુંકમાં એવી છે કે, આ ગુન્હામાં કુલ ત્રણ આરોપીઓ છે અને એક કિશોર છે, જેમાંથી એકને અટક કરવામાં આવેલ છે. સદર આરોપીના મકાનમાંથી ૧૦ બોટલ, કિંમત રૂા.૪,૦૦૦/– નો દારૂનો જથ્થો મળી આવેલો છે. જેથી આગોતરા જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

(૬) જયારે આગોતરા જામીન અરજી રજુ થતી હોય ત્યારે જામીન આપવા કે ન આપવા અંગે કોઈ એવી સ્ટ્રેટ જેકેટ ગાઈડ લાઈન રજુ થયેલી નથી. તેથી આગોતરા જામીન અરજી મંજુર કે નામંજુર કરવી તે કેસના સંજોગો ધ્યાને રાખી અદાલતે નિર્ણય કરવાનો છે. નામદાર સુપ્રીમ કોર્ટે તેના ચુકાદા ગુરુબક્ષસિંહ સીબીયામાં જે મહત્વની હકીકત નોંધી છે તે એવી છે કે, નામદાર હાઈકોર્ટ કે સેસન્સ કોર્ટે કલમ–૪૩૮ ની અરજી નકકી કરવાની થાય ત્યારે પોતાનુ ડીસ્ક્રીશન વાપરતી વખતે ખુબ જ સાવચેતી અને ધ્યાન રાખી ડીસ્ક્રીશનનો ઉપયોગ કરવાનો છે. વધુમાં એવુ પણ નોંધેલ છે કે, આ પ્રકારની વૈધાનિક જોગવાઈનો આદર કરવો જોઈએ. આ જ હકીકત નામદાર સુપ્રીમ કોર્ટે સિધ્ધરામ

સતલીંગપ્પા મહેત્રે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રમાં પણ નોંધેલ છે.

(૭) બંને તરફે કરવામાં આવેલી રજુઆત ધ્યાને લીધી અને તે મુજબ અરજદાર/આરોપીએ પોતાને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલી છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૧૯૧૦૪૫૨૧ ૦૨૮૯/૨૦૨૧ થી પ્રોહી. ની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટ અને નામદાર હાઈકોર્ટના અલગ અલગ ચુકાદા મુજબ જે મહત્વની હકીકત જણાવી છે તે મુજબ કોર્ટે તેની સમક્ષ રજુ થયેલ રેકર્ડ સારી રીતે વેરીફાઈ કરવાનો છે અને તેના આધારે આરોપીનો ગુન્હામાં શું રોલ છે તે પણ જોવાનું છે. આગોતરા જામીન અરજી નકકી કરતી વખતે સૌથી બે અગત્યની હકીકત કોર્ટે જે જોવાની છે તેમાં પ્રથમ આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ છે કે કેમ ? તેમજ બીજી હકીકત જે અગત્યની છે તે જોવાની છે કે શું આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂરીયાત રહેલી છે ?

(૮) બંને તરફથી કરવામાં આવેલી દલીલો ધ્યાનમાં લીધી. તપાસ અધિકારી ધ્વારા કરવામાં આવેલ સોગંદનામુ ધ્યાનમાં લીધુ. અદાલતે જામીન અરજી નકકી કરતી વખતે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવાનું નથી, પરંતુ જામીન અરજી સંદર્ભે રજુ થયેલ મટીરીયલનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાનો છે અને સાથે સાથે આરોપીનો ગુન્હામાં શું રોલ છે તે જોવાનું રહે છે. આ આરોપી વિરૂધ્ધ જે આક્ષેપો છે તે મુજબ પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની પુછપરછ કરતા હાલના અરજદારનું નામ આપેલ છે જેથી પોલીસ અરજદારના ઘરે જઈ તપાસ કરતા રસોડામાંથી ૧૦ બોટલો મળી આવેલ છે. પોલીસ હાલના અરજદારનું ઘર હોવાનું જણાવે છે જયારે પોલીસ ત્યાં પહોંચે છે ત્યારે અરજદાર કે કોઈ વ્યકિત ઘરમાં હાજર હોય તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી. આમ, આ ઘરમાં અરજદાર સિવાય બીજુ કોણ રહે છે અને આ કહેવાતો જથ્થો કોણે ઘરમાં સંતાડેલો તે બાબત પુરાવાનો વિષય છે. આમ,

આ તબકકે કહેવાતો મુદામાલ હાલના અરજદારનો હોય તે ચોકકસ કહી શકાય નહી. તે સિવાય અત્યારે હાલના તબકકે અરજદાર વિરૂઘ્ધ તેમને ગુન્હામાં સાંકળતો કોઈ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૮ અન્વયેનું ડીસ્ક્રીશન આરોપીની તરફેણમાં વાપરવુ ન્યાયી અને યોગ્ય જણાઈ આવતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

– અરજદાર/આરોપી ગુપ્તા નયન કલ્પેશકુમારની હાલની આગોતરા જામીન અરજી નીચેની શરતોએ મંજુર કરવામાં આવે છે.

– આ કામના અરજદાર ગુપ્તા નયન કલ્પેશકુમાર, રહેવાસી : ૨૦૮/૨૪૯૫, મહાત્મા ગાંધી વસાહત, પાણીની ટાંકી પામે, ગોતા, અમદાવાદ નાઓને સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૧૯૧૦૪૫૨૧૦૨૮૯/૨૦૨૧ થી પ્રોહી. ની કલમ–૬૬ (૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ સંદર્ભે તપાસ અધિકારી ઘ્વારા અટક કરવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે અરજદાર/આરોપી ઘ્વારા રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી આગોતરા જામીન ઉપર મુકત કરવાના રહેશે.

**<u>શરતો</u>**

(૧) અરજદાર/આરોપીએ તપાસ અધિકારીને તપાસના કામમાં સાથ અને સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીએ તપાસ અધિકારીને પોતાનું કાયમી સરનામુ પુરુ પાડવુ તેમજ અરજદારે પોતાનું કાયમી સરનામુ અદાલતમાં પણ બેઈલ બોન્ડ આપવાની કાર્યવાહી થાય ત્યારબાદ રજુ કરવુ.

(૩) જો અરજદાર/આરોપી પોતાનું કાયમી સરનામુ બદલે તો તેની આગોતરી જાણ ટ્રાયલ કોર્ટને કરવાની રહેશે.

(૪) અરજદાર/આરોપીએ અદાલતની પરવાનગી વગર ગુજરાતની હદ છોડવી નહી.

(૫) આ કામના તપાસ અધિકારીને આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂર પડે તો તપાસ અધિકારી રીમાન્ડ અરજી કરી શકશે અને વિધ્વાન મેજીસ્ટ્રેટે આવી અરજી પોતે સ્વતંત્ર રીતે ગુણદોષ ઉપર નકકી કરશે.

(૬) જો અરજદાર/આરોપી ધ્વારા કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો સ્વયં જામીન કેન્સલ થયેલા ગણાશે.

હુકમ અંગેની યાદી લાગતા વળગતા પોલીસ સ્ટેશન અને વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ તરફ મોકલી આપવી.

આ હુકમ આજરોજ તા.૦૬, માહે એપ્રીલ, સને ૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવ્યો.

સહી/-

અમદાવાદ(રૂરલ)
તા.૦૬/૦૪/૨૦૨૧

(એમ.એમ.સૈયદ)
યુ.આઈ.ડી.નં.જી.જે.૦૦૬૧૮
૧૧ માં એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ,
અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર

//P.S.OZA//